
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



કિર્તીદા મહેશકુમાર વોરા (૧૯૫૨) ફોનઃ૨૩૨ ૬૦૭૬૧



રમણલાલ એમ. શ્રીમાળી (૧૯૪૨)મો.૯૮૭૯૪૫૬૫૧૭

# ગાંધીનગર-અમદાવાદને જોડતી મેટ્રો રેલના વિકાસ માટે રાજ્ય સરકારે પહેલ કરી છે

## મહાત્મા મંદિર ખાતે 'ઈમર્જિંગ ટ્રેન્ડસ ચેલેન્જીસ એ વે હેડ' વિષય પર ફળદાયી સેમિનાર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૬

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં અત્યંત ઝડપી શહેરીકરણ થઈ રહ્યું છે ખાસ કરીને અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં પરિવહન અંતર માળખાને સુદ્રઢ કરી તેમાં સુલભ-સલામત અને પોષણક્ષમ પરિવહન વ્યવસ્થા ભી કરી ગીચતાની સમસ્યા ઓછી કરવા માટે મેટ્રો રેલ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ માટે રાજ્ય સરકારે ગાંધીનગર-અમદાવાદને જોડતી મેટ્રો રેલ સીસ્ટમના વિકાસ માટે પહેલ કરી છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતના શહેરોમાં વધતી જતી વાહનોની સંખ્યા અને રસ્તાઓ પર વધતા ટ્રાફિકની સમસ્યા તેમજ હવા પદુષણને નિયંત્રિત કરવા મહાનગરો માટે શહેર-પરિવહન પ્રાયોજન સીટી મોબીલીટી પ્લાન તૈયાર કરાયો છે.

રાજ્ય સકાર દ્વારા અમદાવાદ તથા તેની આસપાસના વિસ્તારોમાં થઈ રહેલા ઝડપી વિકાસને ધ્યાને લઈને અન્ય જાહેર પરિવહન વ્યવસ્થાને પુરક થઈ રહે તે રીતે રીઝીયોનલ રેલ સીસ્ટમ વિકસાવવાનું આયોજન કર્યું છે. બી.આર.ટી.એસ. જાહેર પરિવહન માટે રૂ. ૧૬૦૦ કરોડના ખર્ચે અમદાવાદમાં ૯૦ કિ.મી, સુરતમાં ૩૦ કિ.મી. અને રાજકોટમાં ૧૧ કિ.મી.ની વિશ્વસ્તરની બી.આર.ટી.એસ. સેવા પૂરી પાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. ઉપરાંત રાજયના ૧૫ શહેરોમાં જાહેર-ખાનગી ભાગીદારીથી જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ કરાવાઈ છે.



શહેરી વિકાસ વિભાગ કોન્ફેડેરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ અને પ્રાઈઝ વોટર હાઉસ કુપર્સ દ્વારા સંયુકત રીતે આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 'ઈમર્જિંગ ટ્રેન્ડસ ચેલેન્જિસ એન્ડ વે એ હેડ' વિષયક સેમીનારનું મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજયમાં ૨.૫૭ કરોડ જેટલી વસ્તી શહેરી વિસ્તારોમાં રહે છે છેલ્લા દાયકામાં આ વસ્તી વૃધ્ધીનો દર ૩૫.૮૩ ટકા થયો છે. અંદાજીત ૫૦ ટકા કરતાં પણ વધુ વસ્તી શહેરોમાં રહેતી હોઈને અહીં વસતા નાગરિકોને સુવિધાપૂર્ણ સેવા પૂરી પાડવામાં તેમજ પ્રજાનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાજય સરકારે શહેરી વિસ્તારની અંદાજપત્રીય જોગવાઈમાં ૪૫ ગણો વધારો છેલ્લા દાયકામાં કર્યો છે.



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભારતીય ચલચિત્ર જગતના યુવા અભિનેતા - નિર્માતા અરબાઝ ખાન તેમજ હિન્દી ચલચિત્ર જગતના સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી વિવેક ઓબેરોયે આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

## આગામી મહિને પ્રથમ સપ્તાહમાં બે અવકાશી ઘટનાઓ નિહાળી શકાશે

ગાંધીનગર, ૨૬

ભારતનાં એક છેવાડાના ભાગે તથા પૂર્વીય પ્રદેશ અને દુનિયાના અમુક પ્રદેશોમાં તા.૪ થી જૂનના દિવસે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ અવકાશી નજારો જોવા મળશે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં જોવા મળશે નહિ, ત્યારે ભારત જન વિજ્ઞાન જાથાએ દેશવ્યાપી અભિયાનમાં આકાશ તરફ નજર કરી ખગોળીય આનંદ મેળવવાનું આયોજન કરેલ છે.

જાથાના ચેરમેન શ્રી જયંત પંડયાએ જણાવ્યું કે જુન માસમાં વિશ્વમાં બે અવકાશી ઘટના બનવાની છે. જેમાં તા. ૪ થી જુને ખંડગ્રાસ ચંદ્રગ્રહણ અને ૬ઠ્ઠી જુને બુધવારે સૂર્યપર શુક્રનું અધિક્રમણ બંને અવકાશી ઘટના નિહાળવા માટે વિજ્ઞાન જાથાએ લોકચળવળ ઊભી કરીને માહિતગાર કરનાર છે. ચંદ્રગ્રહણ નરી આંખો જોઈ શકાશે તથા શુક્રનું સંક્રમણ સોલાર ફિલ્ટર ચશ્માથી જોવા મળશે.

ભારતીય સમય મુજબ ગ્રહણ બપોરે ૩ કલાક ૨૯ મિનિટે સ્પર્શ થશે. ગ્રહણ મોક્ષ સાંજે ૫ કલાક ૩૬ મિનિટ ૪૨ સેકન્ડે થશે. ખંડગ્રાસનો નજારો પૂર્વીય ભાગમાં લોકો જોઈ શકશે. અવકાશી કોઈ પણ ઘટનાને લીધે માનવ જીવન પર તેની સ્વદર્શી દૈનિક ક્રિયાઓને કોઈ સંબંધ નથી. જેથી ગેરમાર્ગે દોરાવવું નહિ તેમ વિજ્ઞાન જાથાએ જણાવેલ છે.

# સુરત બરોડા રાજકોટમાં બી.આર.ટી.એસ. બસ સેવાઓ શરૂ કરવામાં આવશે

## મેટ્રોરેલ પ્રોજેક્ટના વિકાસ માટે રાજ્ય સરકારે પહેલ કરી છે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ પ્રોજેક્ટ ઝડપથી હાથ ધરાય તે માટે તજજ્ઞોનું માર્ગદર્શન મેળવવામાં આવશે એમ જણાવીને રાજ્યના શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિકાસની ગતી થંભવી ન જોઈએ તેવો સરહકારનો દષ્ટિકોણ છે.

ગુજરાત રાજ્યમાં વધી રહેલાં શહેરીકરણને ધ્યાનમાં રાખીને શહેરી વિકાસ વિભાગ કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ અને પ્રાઈઝવોટર હાઈસકુપર્સ દ્વારા સંયુક્ત રીતે આજે ગાંધીનગર ખાતે ઈમર્જિંગ ટ્રેન્ડસ ચેલેન્જિસ એન્ડ વે અહેડ વિષયક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારને સંબોધતા રાજ્યના શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજના આ સેમિનારમાં ભાગ લેવા આવેલા તજજ્ઞો પાસેથી મેટ્રો રેલ પ્રોજેક્ટને કઈ રીતે ઝડપથી કાર્યાન્વીત કરી શકાય તે અંગેનું માર્ગદર્શન મેળવવામાં આવશે.


તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ હાથ ધરવા માટે બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટની કામગીરી ઝડપથી હાથ ધરાય તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરોના સર્વાંગી વિકાસ માટે અને પ્રાથમિક આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે યોજનાઓના અમલીકરણ માટે માતબર રકમની પણ જોગવાઈ કરવામાં આવી છે.

અમદાવાદમાં શરૂ કરવામાં આવેલી બી.આર.ટી.એસ. બસ સુવિધાની સફળતાનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં રાજ્યમાં સુરત, બરોડા અને રાજકોટમાં બી.આર.ટી.એસ.ની સુવિધાઓ પુરી પાડવામાં આવશે. સુરતમાં આગામી સપ્ટેમ્બરના અંત સુધીમાં બી.આર.ટી.એસ. બસ સુવિધા ઉપલબ્ધ બનશે.

રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ તથા તેની આસપાસના વિસ્તારોમાં થઈ રહેલા ઝડપી વિકાસને ધ્યાને લઈને અન્ય જાહેર પરિવહન વ્યવસ્થાને પુરક થઈ રહે તે રીતે રીઝીયોનલ રેલ સીસ્ટમ વિકસાવવાનું આયોજન કર્યું છે. બી.આર.ટી.એસ. જાહેર પરિવહન માટે રૂ. ૧૬૦૦ કરોડના ખર્ચે અમદાવાદમાં ૯૦ કિ.મી. સુરતમાં ૩૦ કિ.મી. ની વિસ્વસ્તરની બી.આર.ટી.એસ. સેવા પુરી પાડવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## શબ્દાવલી - ૪૭૪૦



| આડી ચાવી | | | ઊભી ચાવી | | |
|---|---|---|---|---|---|
| ૧. | આંબલીના ખાટા ફળ | (૩) | ૧. | મોટા ચણા | (૫) |
| ૪. | ચાંપલાપટ્ટી | (૪) | ૨. | કિનારો | (૨) |
| ૬. | ચોરીછુપીથી દારૂની હેરાફેરી કરનાર | (૫) | ૩. | 'કોલેરા' શબ્દ આડોઅવળો | (૩) |
| ૮. | મુઠીયા જેવી એક વાનગી | (૩) | ૪. | વારતા રે વારતા ભાભો ઢોર.... | (૩) |
| ૯. | પ્રેમ, આશકી | (૨) | ૫. | પત્ની, ભાર્યા | (૩) |
| ૧૦. | છરી, ચાકુ | (૨) | ૭. | બેદરકારી | (૪) |
| ૧૨. | પાનખર | (૪) | ૧૧. | માઠી દશા, ચડતી.... | (૩) |
| ૧૫. | ભેંસનું નર બચ્ચુ | (૨) | ૧૨. | પાડોશમાં રહેતી સ્ત્રી | (૪) |
| ૧૬. | ગતિવાળુ, ગતિશીલ | (૪) | ૧૩. | ખુબ ઝગડે તેવું | (૪) |
| ૧૮. | ઝેર, ઈર્ષ્યા | (૩) | ૧૪. | હદ વગરનું, બેહદ | (૪) |
| ૧૯. | ઊંડાણ, ભોંયરું, .... ખાનુ | (૨) | ૧૫. | ડોલી, સુખપાલ | (૩) |
| ૨૦. | બે ટેકરીઓ વચ્ચે આવેલ સાંકડો માર્ગ | (૨) | ૧૭. | શોક, રડાકુટ | (૩) |
| ૨૧. | અભિયાન | (૨) | | | |

### શબ્દાવલી ૪૭૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધુતકાર (૪) કળથી (૬) સફળતા (૭) વાદ (૮) સગડા (૧૦) ગીતા (૧૧) પાજી (૧૨) રવ (૧૩) છાબડી (૧૫) વીરપસલી (૧૭) ણચલ (૧૮) આંચલ (૨૦) અકળ

**ઊભી ચાવી :-** (૧) ધુર્ત (૨) કાસદ (૩) રફ (૪) કતાર (૫) થીગડા (૭) વાતાવરણ (૯) ગજબ (૧૦) ગીરવી (૧૧) પારસલ (૧૪) ડીઝલ (૧૬) પચવુ (૧૮) આંક (૧૯) ચળ

# દારૂના અડ્ડાઓના મામલમાં શહેરકોટડા મથકનો ઘેરાવો

અમદાવાદ, તા. ૨૬

સરસપુર વોરાના રોઝા પાસે ચાલી રહેલા દેશી દારૂના અડ્ડાઓને લઈ સ્થાપિત લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે ગઈકાલે રાત્રે સ્થાનિક લોકોએ નાછુટકે શહેર કોટડા પોલીસ મથકને ઘેરી લધુ હતું. લોકોનો રોષ જોઈ શહેર કોટડા પોલીસ પણ રીતસર ધ્રુજી ઉઠી હતી. જો કે અંતે પી.આઈ. કે.કે. પરમારે દારૂના અડ્ડાઓ તાત્કાલીક ધોરણે બંધ કરાવવાની બાહેધરી આપતા સ્થાનિક લોકોનો રોષ ઠંડો પડ્યો હતો. પરંતુ અહીં સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે રમણડાયાજીની ચાલીમાં ધમધોકાર ચાલતા દેશી દારૂના અડ્ડાઓને મુદ્દે સ્થાનિક લોકો અનેકવાર આ રીતે વિરોધ દર્શાવી ચૂક્યા છે. છતાં એકાદ મહિના સુધી અડ્ડાઓ બંધ રહ્યા બાદફરી આ અડ્ડાઓ ધમધમવા લાગે છે. જેના કારણે સ્થાનિક લોકોની હાલત એટલી હદે ખરાબ થઈ છે કે તેમના સંતાનોના સગપણ પણ કોઈ આવા સ્થળે કરવા તૈયાર નથી. મળતી માહિતી એવી છે કે સરસપુર વોરાના રોઝા પાસે રમણ ડાયાની ચાલી આવેલી છે. આ ચાલીમાં પીરીયો અને ચંદ્રીકા ઉર્ફે ડાર્લીંગ નામની વ્યક્તિો દેશી દારૂના અડ્ડાઓ રાઉન્ડધી કલોક ધમધોકાર ચાલતા હોય છે. સૌથી મહત્વપૂર્ણ વાત તો એ છે કે રમણડાયાની ચાલીની સામે જ શહેર કોટડા પોલીસ મથકની ડીસ્ટાફ ઑફિસ આવેલી છે. તેમ છતાં દેશી દારૂના અડ્ડા ધમ ધોકાર ચાલતા હોય છે. આ ઉપરાંત પણ દેશી દારૂના અનેક અડ્ડાઓ સરસપુર વિસ્તારમાં ધમધમી રહ્યા છે.

પરંતુ પોલીસ માત્ર હપ્તા ખાઈ આવા અડ્ડાઓને ધમધમવા દે છે. દરમ્યાનમાં ગઈકાલે રાત્રીના ૫૦૦થી પણ વધુ લોકોનું ટોળું શહેર કોટડા પોલીસ મથકે ઘસી આવ્યું હતું અને પોલીસ મથકનો ઘેરાવો કરી દીધો હતો. સ્થાનિક લોકો એટલી હદે ઉશ્કેરાયા હતા કે પોલીસ કમિશનર અને શહેર કોટડા પોલીસ મથકના પી.આઈ. વિરુધ્ધમાં બેફામ સૂત્રોચ્ચાર કર્યા હતા. શરૂઆતમાં શહેર કોટડા પોલીસે તેમની કોઈ રજૂઆત સાંભળવાનો જ ઈન્કાર કરી દીધો હતો.

જોકે બાદમાં મીડિયા કર્મીઓ ત્યાં દોડી આવતા શહેર કોટડા પોલીસે મને કમને પણ સ્થાનિક લોકોની રજૂઆત સાંભળવી પડી હતી. બાદમાં દારૂના અડ્ડાઓ બંધ કરાવવાની બાહેધરી આપી હતી. દરમિયાન મોડી રાત્રે બનેલી ઘટના અંગે શહેર કોટડા પોલીસ મથકના પી.આઈ કે.કે પરમારને પૂછતાં જણાવ્યું હતું કે રમણ ડાયાની ચાલીમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓની રજૂઆત કરવા માટે સ્થાનિક લોકો આવ્યા હતા. જોકે ત્રણ દિવસ અગાઉ જ આ અડ્ડા પર રેડ કરવામાં આવી હતી. છતાં અડ્ડાઓ ધમધમવા લાગ્યા હતા. જોકે સ્થાનીક લોકોની રજૂાતને પગલે તાત્કાલીક દેશી દારૂના અડ્ડાઓ પર રેડ કરવાના આદેશ આવ્યા છે.

## સમાચાર ઝલક

- ભાવનગરમાં ૧૦ લાખની હીરાની ચોરીનાં શકમંદની હત્યા.
- હાંસલપુરમાં મારૂતિ કાર કંપનીને જમીન આપવાની રજી જૂને સમજૂતી થશે.
- પ્રભાસપાટણના મદ્રેસાનાં ૩ વિદ્યાર્થીઓ અજમેરમાંથી મળ્યા.
- મુંબઈમાં ચોમાસું સમયસર આવશે : વેદશાળાનું અનુમાન.
- શામળાજી પાસેથી ગૌમાંસની બે ટ્રક ઝડપાઇ.
- નાના ચિલોડા નજીક આઇશરે ચાની હાથલારી અને ૩ બાઇકો અડફેટે લીધા.
- વી.એસ. હોસ્પિટલમાં બે ફાર્મસીસ ઊંઘતા ઝડપાયા : સસ્પેન્ડ કરાયા.
- કેન્દ્રના ૧૫ મંત્રીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો : ટીમ અન્નાનો આરોપ.
- બહુચરાજીમાં સતત ૩૧ કલાકની ધૂન.
- પાકિસ્તાનમાં ઉતારૂ બસ પર આતંકી હુમલો : ૭નાં મોત.
- ઉત્તર ભારતમાં સખ્ત ગરમીનું મોજું.
- મમતા બેનર્જી પેટ્રોલનાં ભાવ વધારાનાં વિરોધમાં કોલકાત્તામાં ધરણા આજે કરશે.
- સિગારેટ કેસમાં શાહરૂખ કોર્ટમાં હાજર ન થયો.
- જમ્મુ-કાશ્મીરમાં ૩ દિવસથી રાજયનાં સરકારી કર્મચારીઓ હડતાલ પર.
- રૂપિયો તૂટતો અટકાવવા રિઝર્વ બેંકનાં ગવર્નર અને વડાપ્રધાન શ્રી મહમોહનસિંહની વચ્ચે મહત્ત્વની બેઠક યોજાઇ.

## મેટ્રોરેલ પ્રોજેક્ટ હજુ કેન્દ્રને મળ્યો નથી : કેન્દ્ર તમામ સહયોગ આપશે : સુધીર ક્રિશ્ના

ગાંધીનગર, તા. ૨૬

શહેરી વિસ્તારોનો વિકાસ પબ્લીક ટ્રાન્સપોર્ટ પર આધારિત હોવાનું જણાવીને કેન્દ્રના શહેરી વિકાસ મંત્રાલયના સચિવ સુધીર ક્રિશ્નાએ જણાવ્યું હતુ કે ગુજરાતના મેટ્રોરેલ પ્રોજેક્ટની દરખાસ્ત હજુ કેન્દ્રને મળી નથી પરંતુ આ પ્રોજેક્ટ મહત્વનો હોઈ કેન્દ્ર જરૂર તમામ સહયોગ ગુજરાતને આપશે.

ગાંધીનગર ખાતે યોજાયેલ શહેરી વાહનવ્યવહાર સેમીનાર પ્રસંગે પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રના શહેરી વિકાસ વિભાગના સચિવ સુધીર ક્રિશ્નાએ જણાવ્યું હતું કે શહેરોનો વિકાસ વાહનવ્યવહારને આધારે થવો જોઈએ. પબ્લિક ટ્રાન્સપોર્ટનું શહેરી વિકાસ ક્ષેત્રમાં ખુબ જ મહત્વનું પાસુ છે.

શહેરી વિસ્તારોમાં એક સ્થળેથી બીજા સ્થળે ઝડપથી પહોંચવા માટે ઝડપી અને સરળ વાહનવ્યવહારની સુવિધા હોવી જોઈએ. આ માટે શહેરોમાં બીઆરટીએસ જેવી તેમજ નાની બસોની સેવાઓ શરૂ કરવા પર તેમણે ભાર મુક્યો હતો. આ માટે શહેરોમાં તમામ આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે શહેરોમાં રીંગરોડ તેમજ રોડ નેટવર્ક સહિતનો શહેરોના વિકાસ માટેનો રોડ મેપ બનાવવો જોઈએ.

## કંપની સમાચાર

### એલિકોન એન્જિનિયરિંગને બે પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યા

ભારતની સૌથી મોટી વિશાળ મટીરીયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટ્સ અને ટ્રાન્સમિશન પ્રૉડક્ટસ ઉત્પાદકમાંથી એક એલિકોન એન્જિનિયરિંગ કંપની લિમીટેડ એવી જાહેરાત કરી છે કે તેના એનએચઈ ડિવિઝનને બે પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યા છે, જેમાં પ્રથમ કોલ હેન્ડલિંગ પ્લાન્ટ પેકેજનો એક્સ વર્કસ પુરવઠો અને મવદા સુપર પાવર પ્રોજેકેટ સ્ટેજ-૨ (૨ બાય ૬૬૦ એમડબલ્યુ) માટે કોલ હેન્ડલિંગ પ્લાન્ટ પેકેજના ઈરેકશન અને કમિશન માટે નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમીટેડ (એનસીપીસી) પાસેથી રૂા. ૨૭૨.૩૩ કરોડનો ઓર્ડર મળ્યો છે, જયારે બીજો ઓર્ડર ટેકપ્રો સિસ્ટમ લિમીટેડ ૨ બાય ૩૦૦ એમડબલ્યુ હલ્દિયા પ્રોજેક્ટ માટે સીએચપીમાં વિવિધ ઉપકરણોનાં એન્જિનિયરિંગ, ઉત્પાદન, પુરવઠો, ઈરેકશન માટે રૂા. ૨૫.૫૦ કરોડનો ઓર્ડર આપ્યો છે.

### ઓડી ઈન્ડિયા રેસ ટેલેન્ટમાં આદિત્ય પટેલે ઐતિહાસિક વિજય હાંસલ કર્યો

ઓડી એસી નર્બરગ્રીંસ રેસની ૨૪ કલાકની ૪૦મી આવૃત્તિમાં ઓડી ઈન્ડિયા માટે આદિત્ય પટેલે ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે. આદિત્ય પટેલની ટીમ પ્રો. હેન્ડીકંપ ઈ.વી.એ. ઓડી ટીટીએસમાં તેની કેટેગરીમાં વિજય હાંસલ કર્યો છે.

ઓડી ઈન્ડિયાએ રેસ ટેરેન્ટ આદિત્ય પટેલને ટેકો આપ્યો હતો. જે ટીપી પ્રો. હેન્ડીકંપ ઈ.વી.માં વોલ્ફેંગ મુલર ઓલિવર રૂડોલ્ફ સાથે ડ્રાઈવર કરી રહ્યા હતા.

આ પ્રસંગે ઓડી ઈન્ડિયાનાં હેડ શ્રી માઈકલ પર્શકે જણાવ્યું હતું કે, 'ઓડી માટે જ નહીં, પરંતુ ભારત માટે પણ આ ગૌરવપૂર્ણ વિજય છે અમને વિશ્વાસ છે કે આદિત્યની પ્રતિભા અને ઓડી ટીટીએસની ટેકનિકલ ક્ષમતાઓનાં સમન્વયો પડકારને પહોંચી વળવામાં સફળતા મેળવી હતી.'

આદિત્ય પટેલ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'આ ટીમ પ્રો-હેન્ડીકેપ ઈ.વી. અને ઓડી માટે મોટો વિજય છે. આ વિજય મારા માટે વિશેષ છે કારણ કે ૨૪ કલાકમાં પડકારમાં આ મારો પ્રથમ પ્રયાસ હતો.'

### ઈટેક ગ્લોબલ સર્વિસીસ વિસ્તરણનાં પંથે ઈન્ડિયા કોન્ટેક માટે વૃધ્ધિ એટલે ગુજરાતમાં નવી રોજગારી

અગ્રણી બિઝનેશ પ્રોસેસ આઉટસોર્સર ઈટેક ગ્લોબલ સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવી છે કે તેના ગુજરાત ખાતેના ઈન્ડિયા કોન્ટેક સેન્ટરમાં નવી ૫૦૦ બેઠકોનો ઉમેરો કરી રહી છે. વર્ષ ૨૦૦૯ માં ઈટેક ગ્લોબલ સેન્ટરે ગુજરાતમાં ગાંધીનગર અને વડોદરા એમ બે સ્થલે કોન્ટેક સેન્ટર ચાલુ કર્યાં હતા. અહીંથી તે ફોર્ચ્યુન - ૫૦૦ કંપનીઓને ઈટેક ઈન્ટરએકશન / એક્વિઝીશન સર્વિસીસ સોફટવેર ડેવલપમેન્ટ, કવોલિટી એશ્યોર સર્વિસીસ પૂરી પાડે છે. હવે ઈટેક હયાત ગ્રાહકોને માંગ વધવાને કારણે તથા ફોર્ચ્યુન - ૫૦૦ કંપનીઓનો ઉમેર થવાને કારણે વિસ્તરણ કરી રહી છે. વિસ્તરણથી ગુજરાતના યુવાનો માટે તાત્કાલિક રોજગારીનાં દ્વારા ખુલી જશે.

પ્રારંભથી જ ઈટેક ઈન્ડિયા સાતત્ય સાથે તથા વ્યુહાત્મક રીતે વિકાસ સાધી રહી છે. ઈટેક ગ્લોબલ સર્વિસીસના સીઓઓ મેટટ રોક્કો જણાવે છે કે, 'અમારું ગુજરાતમાં વિસ્તરણ તે ઈટેક ઈન્ડિયાના તેના ગ્રાહકોને આનંદપ્રદ સર્વિસ આપવાની કામગીરીનું સીધું પ્રતિબિંબ છે. ઈટેક ઈન્ડિયાએ તેની માનવ સંસાધન, આવકના નિર્માણ તથા ક્વોલીટી કસ્ટમર સર્વિસીસ જેવાં કામગીરીનાં તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરી છે.'